# <u>ફારગતી યાને છુટાછેડાનો લેખ</u>

વિક્રમ સંવત ................ ના ............ ને વારઃ ............, તારીખઃ ......મી માહે.........., સને ................ ના અંગ્રેજી દિને...

**<u>આ ફારગતી યાને છુટાછેડાનો લેખ કરનાર પક્ષકારો ::-</u>**

**પહેલાપક્ષના::-**

**નામઃ-**

જાતનાઃ ...........,

રહેવાસીઃ-

..................................................................................................................

**બીજાપક્ષના::-**

**....................... તે ............................... ની પત્નિ**

**અને ..........................................ની દીકરી.**

જાતનાઃ ...........,

રહેવાસીઃ-

..................................................................................................................

જત આજરોજ આ ફારગતી યાને છુટાછેડાના લેખથી આપણે પક્ષકારો અરસપરસથી આમને સામને એકબીજાની સંપુર્ણ રાજીખુશીથી લખી આપી જણાવીએ છીએ કે ::-

આપણા પક્ષકારોના લગ્ન તારીખ .................... ના રોજ હિન્દુશાસ્ત્રોકત વિધિ અનુસાર અને આપણી જ્ઞાતીના રીતરીવાજ અનુસાર ................................. મુકામે થયેલા હતા. એ રીતે આપણે પક્ષકારો વચ્ચે કાયદેસરનો પતિ-પત્નિ તરીકેનો સબંધ અસ્તિત્વમાં આવેલ છે. આપણે પક્ષકારો વચ્ચે નાના મોટા અવાર નવાર ઝગડા

થઇ મનદુઃખ થતુ રહેલ છે. અને તેમાંથી ઉગ્ર સ્વરૂપ ધારણ થતુ રહેતું બંને પક્ષકારોને આ રીતે મનમેળ રહેલ નહી અને આપણે પક્ષકારો વચ્ચેનો લગ્નસંસાર આગળ ચાલે અને આપણા પક્ષકારો વચ્ચેનું દુઃખ, મનભેદ દુર થાય અને લગ્નજીવન આબાદ બને તેવા શુભ આશયથી ઘણાં જ પ્રયત્ન કરવા છતાં કોઇ સુખદ ઉકેલ નહી આવતા જીવનનો કાયમી અંત આણવાનો આપણે બંને પક્ષકારોએ સંપુર્ણ રાજીખુશીથી નકકી કરી આજરોજ ફારગતી યાને છુટાછેડાનો રિવાજ આપણે પક્ષકારોની જ્ઞાતિમાં વંશ, પરંપરાગતથી ચાલી આવેલ છે. તે મુજબથી આ લેખ કરેલ છે. તેમાં પક્ષકારોના વડીલ તથા સગા વહાલાઓએ દરમ્યાનગીરી કરેલ છે.

(૧) આ ફારગતી યાને છુટાછેડાના લેખથી પક્ષકારો વચ્ચેના પતિ-પત્નિ તરીકેનાં સંબધોનો કાયમી અંત આણેલ છે. જેથી પહેલાપક્ષના આ લેખથી બીજાપક્ષનાના પતિ રહયા નથી. અને એ રીતે બીજાપક્ષના આ લેખથી પહેલાપક્ષનાના પત્નિ રહયા નથી. જેથી પક્ષકારો પોતપોતાની મરજી મુજબથી લગ્ન, પુનઃલગ્ન કરવા આથી હકકદાર થાય છે. સહી તેમાં કોઇ પક્ષકારે હરકત રૂકાવટ, વાંધો, વિરોધ કે દરદાવો કરવાનો નથી. અને જો કરવામાં આવે તો તે આથી રદ-બાતલ થાય. સહી.

(૨) પક્ષકારોએ પોતાની તમામ ચીજ વસ્તુઓ સોના ચાંદીના ઘરેણા, કપડા લત્તા વાંસણ, વિગેરેની લેતી-દેતી કરી પોતપોતાની ચીજ વસ્તુઓ મેળવી લીધેલ છે. જેથી આ બાબતમાં કોઇ પણ પક્ષકારોએ તર-તકરાર કરવા-કરાવવાની નથીં. અને કરવા-કરાવવામાં આવે તો તે આથી રદ-બાતલ થાય. સહી.

(૩) આજદીન સુધીની ખોરાકી પોષાકી ભરણપોષણની તમામ રકમ પહેલાપક્ષના તરફથી બીજાપક્ષનાને ચુકતે લીધેલ નથી અને ભવિષ્યમાં લેવાની નથી. આમ, બીજાપક્ષનાએ પહેલાપક્ષના પાસે પત્નિ તરીકે ડાયવર્સી વાઇફ તરીકે કે અન્ય કોઇપણ જાતના હકક, હિસ્સા વિગેરેની માંગ કરવાની નથી. તેમજ પહેલાપક્ષનાની કોઇપણ જાતની માલ-મિલકતમાં હવેપછી બીજાપક્ષનાએ કયારેય કાંઇ હકક હિસ્સો પણ માંગવાનો નથીં.

(૪) પક્ષકારો વચ્ચેના મનદુઃખને કારણે કોઈપણ કેસો કરવાના નથી. અને હવે પછી કોઈપણ પક્ષકારે કયારેય કોઇ કેસ, પ્રકરણ, દાવાદુવી કરવાના નથી.

(૫) લગ્નજીવન થકી પક્ષકારોને સંતાનમાં એકપણ બાબો કે બેબી નથી. તથા પક્ષકારો છેલ્લા ઘણાંજ સમયથી સતત રીતે અલગ રહેતા આવેલા છે. તેમજ હાલના સમયે બીજાપક્ષનાને પહેલાપક્ષના થકી કોઇ ગર્ભ- હમેલ ધારણ કરતા નથી. તેની બીજાપક્ષના આથી ખાતરી આપે છે.

એણી વિગતનો આ છુટાછેડા યાને ફારગતીનો લેખ આપણે બંને પક્ષકારોએ આપણી રાજીખુશીથી અકકલ હોંશીયારી અને બીનકેફમાં વાંચી, વંચાવી, સમજી, વિચારીને કોઇના કોઈપણ જાતના દાબદબાણ વિના સ્વેચ્છાએ કરેલ છે. જે આપણે બંને પક્ષકારોને તથા આપણા વંશવાલી વારસોને ઈત્ત્યાદી તમામને કબુલમંજુર અને બંધનકર્તા છે સહી તથા રહેશે સહી.

અત્રે-------------------------મતુ તત્રે-------------------------શાખ

---------------------------------- ------------------------------

( પહેલાપક્ષના )

-------------------------------- -------------------------------

( બીજા પક્ષના )